વિભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષકો (માધ્યમિક અને ઉ.માધ્યમિક) ની ખાલી જગ્યાઓ પર તાસદીઠ માનદ વેતનથી (Honorarium per period) શિક્ષણકાર્ય કરાવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/EOD/e-file/17/2022/0100/J Section**
સચિવાલય, ગાંધીનગર
તા.ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા:-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૬/૧૯૮૯ નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૨૮૮/૧૨૪૫/ગ
૨. શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૨/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૪/૧૪૦/ગ
૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૮/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૬/૩૨૫૪૭/જ
૪. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩/૧૦/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: અનસ/૧૦૨૦૧૬/૫૧૮૯૬૧/અ
૫. શિક્ષણ વિભાગનો તા.૨૨/૦૬/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૪/૧૪૦/ગ
૬. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૬/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/0100/J
૭. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૪/૦૪/૨૦૨૬ નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૪/૩૭૩/૨૦૨૬/ક
૮. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૧/૦૪/૨૦૨૬ નો પત્ર ક્રમાંક: વિજાક/મકમ/૨૦૨૫/૧૫૭

પ્રસ્તાવના:-

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) સામે દર્શાવેલ વિભાગના તા.૦૯/૦૬/૧૯૮૯ ના ઠરાવથી વિભાગ હેઠળના અનુ.જાતિ કલ્યાણ તથા વિકસતી જાતિ કલ્યાણ એમ બંને પ્રભાગો હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં રોકવામાં આવતા ખંડ સમયના શિક્ષકોને ઉચ્ચક મહેનતાણું આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

૨. વંચાણે લીધેલ ક્રમ (૨) સામે દર્શાવેલ શિક્ષણ વિભાગના તા:૨૧/૧૨/૨૦૧૫ના ઠરાવથી પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગાઓ સામે ખાલી જગા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્યને અસર ન થાય તે માટે તાસ દીઠ માનદ વેતનથી (Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવા અંગેની કાર્યપ્રણાલી નક્કી કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ, આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૩) અને (૪) સામેના અનુક્રમે તા.૧૧/૦૮/૨૦૧૭ અને તા.૨૩/૧૦/૨૦૧૭ ના ઠરાવોથી આ વિભાગ હેઠળના અનુ.જાતિ કલ્યાણ તથા વિકસતી જાતિ કલ્યાણ એમ બંને પ્રભાગો હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષકોની ખાલી જગ્યાઓ પર શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) સામેના તા.૨૧/૧૨/૨૦૧૫ ના ઠરાવમાં નિર્દિષ્ટ સૂચનાઓ તેમજ શરતોને આધીન તાસ દીઠ માનદ વેતનથી શિક્ષણકાર્ય કરાવવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

૩. ત્યારબાદ, વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૬) સામેના તા.૦૯/૦૬/૨૫ ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૫) સામેના તા.૨૨/૦૬/૨૦૨૨ ના ઠરાવથી સુધારેલ માનદ વેતન દરોએ મદદનીશ શિક્ષકોની જગ્યાઓ નિયમિત રીતે ભરાય અથવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ પૂર્ણ થાય એ બંનેમાંથી જે વહેલું હોય તેટલા સમય માટે તાસ દીઠ માનદ વેતનથી શૈક્ષણિક કાર્ય કરાવવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

૪. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ પૂર્ણ થયેલ હોવાથી નિયામકશ્રી, અનુ. જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા અનુક્રમે વંચાણે લીધેલ ક્રમ (૭) અને (૮) સામેના પત્રોથી બંને પ્રભાગો હેઠળની આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષકોની જગ્યાઓ નિયમિત રીતે ભરાય અથવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ પૂર્ણ થાય એ બંનેમાંથી જે વહેલું હોય તેટલા સમય માટે તાસ દીઠ માનદ વેતનથી

શૈક્ષણિક કાર્ય કરાવવાની મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી જે સરકારશ્રીની વિચારણામાં હતી.

**ઠરાવ:-**

કાળજીપુર્વકની વિચારણાને અંતે, આ વિભાગ હેઠળના વિકસતી જાતિ કલ્યાણ તથા અનુસૂચિત જાતિ કલ્યાણ એમ બંને પ્રભાગો હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષક (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) ની ખાલી રહેલ નીચે કોષ્ટકમાં દર્શાવેલ જગ્યાઓ પર નિયમિત શિક્ષકથી ન ભરાય અથવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ પૂર્ણ થાય ત્યાં સુધી એ બંનેમાંથી જે વહેલું હોય તેટલા સમય માટે તાસદીઠ માનદ વેતનથી શિક્ષણ કાર્ય કરાવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગની જગ્યાઓની સંખ્યા | અનુ. જાતિ કલ્યાણ પ્રભાગની જગ્યાઓની સંખ્યા | મહત્તમ માસિક વેતન |
|---|---|---|---|---|
| ૧ | માધ્યમિક શિક્ષણ | ૧૦૬ | ૭૪ | ૩.૧૬,૫૦૦/- |
| ૨ | ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ | ૧૬૫ | ૬૬ | ૩.૧૬,૭૦૦/- |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૨/૦૬/૨૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd/-
(ડૉ. અનંત ગર્ગ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, પ્રથમ માળ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફતે)
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય- ઉકત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૬

Signature Not Verified
Signed by : Dr Anant Garg
Under Secretary
Social justice and Empowerment Department
Date : 2026.06.19 11:53:26 IST